# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૮-૦૯-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## વન નેશન વન ઈલેક્શન :

સમગ્ર દેશમાં એકસાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ કરાવવા માટે મોદી સરકાર આગળ વધી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેબિનેટે ભારતમાં વન નેશન, વન ઇલેક્શનના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આજે મળેલી બેઠકમાં મોદી કેબિનેટે દેશમાં એકસાથે ચૂંટણી કરાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. રિપોર્ટ અનુસાર આ બિલ શિયાળુ સત્રમાં રજૂ કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2014માં વન નેશન વન ઈલેક્શનનું વચન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં એક સાથે ચૂંટણીથી ચૂંટણી દરમિયાન થતા કરોડોના ખર્ચમાં બચત થશે, સતત થતી ચૂંટણીથી છુટકારો મળશે, સતત આચાર સંહિતાથી છુટકારો મળશે અને કાળા નાણા પર રોક લાગશે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## પોષણ માસ-કચ્છમાં ઉજવણી :

આઇસીડીએસ વિભાગ અંતર્ગત પોષણ માહની ઉજવણી ચાલી રહી છે ત્યારે કચ્છમાં વિવિધ ઘટકોની આંગણવાડીમાં પોષણ અને આરોગ્ય અંગે લોકોમાં જાગરૂકતા લાવવા વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. માંડવી ગોધરા પી.એચ.સી ખાતે પોષણમાસ અંતર્ગત આરોગ્ય અને સ્વચ્છતા વિશે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોજનાકીય માહિતી, શરીરની સ્વચ્છતા, ઘર બહારની સ્વચ્છતા , રસોઈની સ્વચ્છતા, વગેરે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંજાર તાલુકાના અંજાર ૯ અને ૧૦ કેન્દ્રમાં પોષણ માસની ઉજવણી અંતર્ગત બાળકો દ્વારા પોષણ અભિનય ગીત અને ખાસ વાલીઓ માટે વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. તો, લખપત ઘટકનાં માતાના મઢ સેજાનાં આંગણવાડી કેન્દ્ર ૫ અને ૬ દ્વારા પોષણ માસની ઉજવણી હેઠળ શ્રી અન્નમાંથી પોષણ રંગોળી બનાવીને લાભાર્થીઓને પોષણક્ષમ આહાર વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

- (મા. ખા. ભુજ)

---

## સ્વચ્છતા-કચ્છમાં પ્રવૃતિઓ :

"સ્વચ્છતા હી સેવા " અંતર્ગત આજે કચ્છભરમાં ગામે ગામ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં કચ્છ જિલ્લામાં બાળકો દ્વારા સ્વચ્છતા રેલી , સ્વચ્છતા શપથ સામૂહિક રીતે જાહેર સ્થળોની સાફ સફાઈ જેવા કાર્યક્રમો થકી સ્વચ્છતાનો સંદેશો અપાયો. અંજાર તાલુકાના સંઘડ અને નાગલપર ખાતે બાળકો દ્વારા સફાઇ જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. રાપર તાલુકાના વલ્લભપર, ધાણીથર, માખેલ, ફતેહગઢ, લોદ્રાણી અને સુવઇ ખાતે રેલી અને વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું. ગાંધીધામના અંતરજાળ ખાતે રેલીના માધ્યમથી બાળકોએ સ્વચ્છતાનો સંદેશો આપ્યો હતો. લખપત તાલુકાના પુનરાજપર તેમજ નારાયણ સરોવર ગામે સ્વચ્છતા હી સેવા અંતર્ગત રેલી યોજવામાં આવી હતી.

- (મા. ખા. ભુજ)

---

## રસ્તા સુધારણા-મરમ્મત:કચ્છ :

કચ્છમાં ભારે વરસાદમાં અસરગ્રસ્ત રસ્તાઓને પૂર્વવત કરવા માટે યુધ્ધના ધોરણે કચ્છ માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

કચ્છ જિલ્લા માર્ગ અને મકાન પંચાયત દ્વારા જિલ્લાના ૧ હજાર ૫૩૭ રસ્તાઓની ૬ હજાર ૨૪૬.૦૬ કિ.મી લંબાઇ પૈકી આસ્ફાલ્ટ પેચવર્કની જરૂરિયાત વાળી ૩૫.૦૫ કિ.મી. લંબાઇમાં મરામત કામગીરી શરૂ કરવામાં આવી છે. જે લંબાઇ પૈકી ૨૪.૦૧૮ કિ.મી રસ્તા પર આસ્ફાલ્ટ પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે. તેમજ બાકી રહેતી કામગીરી પ્રગતિમાં છે, જે આગામી ટુંક સમયમાં જ પૂર્ણ કરવામાં આવશે.

જયારે માર્ગ અને મકાન પંચાયત વિભાગ ભુજ હસ્તકના કુલ ૭૭ રસ્તાઓ અને ૪૧.૫૦ કિ.મી ને નુકશાન થયેલું જે પૈકી ૪૦.૮૨ કિ.મીમાં મેટલ પેચની કામગીરી પૂર્ણ કરાઇ છે અને બાકી રહેતી કામગીરી હાલે પ્રગતિમાં છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

- (મા. ખા. ભુજ)

---

## સાહસિક પ્રવાસ:

ગુજરાતના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક યુવતીઓ માટે કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે દર વર્ષે કચ્છ-બનાસકાંઠા જિલ્લાના વિવિધ સરહદી વિસ્તારોનાં સ્થળો ખાતે દસ દિવસીય સાહસીક પ્રવાસ યોજવામાં આવે છે. આ વર્ષે કાર્યક્રમમાં જોડાવા ઇચ્છતા યુવક-યુવતીઓ એ પોતાના જિલ્લાની જિલ્લા

યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી ફોર્મ મેળવી , સંપૂર્ણ વિગતો ભરી આધાર પુરાવા સાથે જિલ્લા યુવા વિકાસ અધિકારી , જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી , બહુમાળી ભવન-ભુજજ ને આગામી તા.૧૫ઓક્ટોબર સુધી મોકલી આપવાનું રહેશે. તેવું એક યાદીમાં જણાવાયું છે.

- (મા. ખા. ભુજ)

---

## જીલ્લા પંચાયત-સામાન્ય સભા:

કચ્છ જીલ્લા પંચાયતની સામાન્ય સભાનું આયોજન આવતીકાલે તા. ૧૯ ના બપોરે ૧૨ વાગ્યે છે. જેમાં ગત બેઠકની કાર્યવાહીની નોંધની બહાલી, અગાઉ સામાન્ય સભામાં લીધેલા નિર્ણયો પરના પગલાનો અહેવાલ વગેરે બાબતો પર ચર્ચા કરવામાં આવશે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## જ્ઞાન સહાયક ભરતી-કચ્છ:

રાજ્યમાં જ્ઞાન સહાયક યોજના અંતર્ગત કરાર આધારિત શિક્ષકોની ભરતીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જીલ્લામાં માધ્યમિક શાળાઓ માતે ૧૩૧ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે ૭૩ જ્ઞાન સહાયકો ફાળવાયા છે. જે માટે ઉમેદવારોને સર્ટીફીકેટ વેરીફીકેશન માટે બોલાવી ચકાસ્યા બાદ નિમણુક પત્રો અપાશે. જેનાથી કચ્છના અંતરિયાળ વિસ્તારની શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થશે તેવું જીલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું.

- (NP, જાગૃતિ વકીલ)

---

## રેડ રન સ્ટેટ મેરેથોન-ભુજ:

ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા સમગ્ર રાજ્યમાં નાગરિકોમાં એચઆઈવી-એઈડ્સ અંગે જાગૃતિ આવે તે માટે કચ્છ યુનિવર્સિટી દ્વારા આગામી તારીખ ૨૦ સપ્ટેમ્બરે સવારે ૭.૩૦ વાગ્યે ‘રેડ રન સ્ટેટ મેરેથોન’નું આયોજન કરવામાં આવ્યું છે.

- (મા.ખા., ભુજ)

---